
# ‘હિંદુ હોને કા ધર્મ’: દેશના કોમી ઈતિહાસનો એક અધ્યાય

હિન્દી ભાષાના દિગ્ગજ પત્રકાર પ્રભાષ જોશીનું પુસ્તક છે : ‘હિન્દુ હોને કા ધર્મ’. આ પુસ્તક દેશમાં જ્યારે હિન્દુ રાજનીતિનો ઉદય થઈ રહ્યો હતો તે સમયનું જાણે એક દસ્તાવેજીકરણ હોય તે રીતે તેમાં ઘટના અને ઉલ્લેખ આવે છે. આ પુસ્તક સાડા છસો પાનાનું છે અને આ પુસ્તકની ‘ભૂમિકા’ વિશેષ કરીને વાંચવા જેવી છે. મૂળે તો પ્રભાષ જોશીએ આ પુસ્તક બાબરી મસ્જિદના ધ્વંસ પછી હિન્દુ ધર્મનો ખરો ખ્યાલ શું હતો તે દર્શાવવા અખબારોમાં લખેલા અનેક લેખોમાંથી પસંદ કરેલા લેખોનો સંગ્રહ છે. ‘હિન્દુ હોને કા ધર્મ’માં તત્કાલીન ખૂબ સૂક્ષ્મ વિગતો નોંધાઈ છે. એક અરસા બાદ કોઈ પણ ઘટના ધૂંધળી થઈ જાય છે અને તેને સ્પષ્ટતાથી જોઈ શકાતી નથી. પ્રભાષ જોશીનું આ પુસ્તક નેવુંના દાયકામાં ઊભરી રહેલા હિન્દુત્વની રાજનીતિના મૂળ સુધી પહોંચે છે. તેઓ ભૂમિકામાં જ એમ લખે છે કે, ‘સૌથી અગત્યનું એ છે કે પોતાના ધર્મ અને સમાજમાં હિન્દુત્વથી જે કોમી સંકુચિતતા જન્મે તે માટે સંગઠિત અને સતત પ્રયાસ થઈ રહ્યા




છે તેનાથી લોકોની આંખ ઊઘડે. અને તેનાથી પણ જરૂરી બાબત એ છે કે બ્રિટિશ સામ્રાજ્ય સામે આપણે બે સદીના સંઘર્ષથી જે ભારતીય ચેતના અને રાષ્ટ્ર જન્મ્યું છે - તેનો મૂળ આધાર બદલવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે તેનાથી લોકોને ચેતવી શકાય. જે લોકો ભારતને હિન્દુઓનું દર્શાવીને તેને હિન્દુ રાષ્ટ્રમાં પરિવર્તિત કરવા ઈચ્છે છે તે કોઈ રામજન્મભૂમિ આંદોલનમાંથી જ નથી નીકળ્યા. તેમના પૂર્વજો ઓગણીસમી સદીના આખરી દાયકામાં પણ હતા અને વીસમી સદીના પ્રથમ પાંચ દાયકામાં પણ હતા, જ્યારે દેશે અંગ્રેજો પાસેથી રાજકીય આઝાદી મેળવી હતી. આઝાદી પછીના પાંચ દાયકામાં પણ તેઓ સક્રિય રહ્યા, જ્યારે આપણા દેશે લોકશાહી અને સામાજિક-આર્થિક આઝાદી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી હતી. આઝાદીમાં તેમનું કેટલું યોગદાન છે અને તેમણે કેટલી શહીદી વહોરી છે તેનાથી દેશમાં કોઈ અજાણ નથી. ‘વંદે માતરમ્’ અને ‘ભારત માતા કી જય’ બોલીને જે લોકો અંગ્રેજોની જેલમાં ગયા, તેમની વરસાવેલી લાઠીઓ ખાધી, તેમની ગોળીઓથી શહીદ થયા અને ફાંસીનો તખ્ત સ્વીકાર્યો - એ રીતે આ દેશ લોકતાંત્રિક, ધર્મનિરપેક્ષ બન્યો છે. આપણા આગેવાનોએ એવું બંધારણ બનાવીને આપણને આપ્યું જેમાં કોઈ ધર્મ, જ્ઞાતિ, જાતિ કે રંગનો કોઈ ભેદ નથી. ઉપરાંત, સૌની સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય અને વિચાર, અભિવ્યક્તિ, આસ્થા, ધર્મ અને આસ્થાની આઝાદી આપવાનો અને આપણામાં તકોની સમાનતા, વ્યક્તિની ગરિમાના આધારે ભાઈચારો જન્મે તેનો સંકલ્પ સમાવિષ્ટ છે.’

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

આ ખ્યાલ તો આપણા બંધારણનો છે અને તે પ્રભાષ જોશીએ ભૂમિકામાં શરૂઆતમાં લખ્યો છે. પછીથી તેઓ દેશમાં બનેલી ઘટના તરફ આગળ વધતા લખે છે કે, ‘હિન્દુત્વની રાજકીય, સામાજિક અને ધાર્મિક વ્યાખ્યામાં એટલાં ખૂણા, પડ અને અર્થ નિકળીને નથી આવતાં, જેટલાં બનેલી ઘટનાઓથી ખુલે છે. દસ વર્ષની આ ઘટનાઓમાં એક વિચારધારા અને ખ્યાલના સંદર્ભે હિન્દુત્વના એટલાં પડ ખુલ્યા છે જે વીર સાવરકર અને ગુરુ ગોલવલકરના સૈદ્ધાંતિક વિવેચનમાં ક્યાંય દેખાતા નથી. એ પ્રમાણે ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’નો મૂળ ખ્યાલ એવો હતો કે સત્તાથી પાયાનું પરિવર્તન થઈ શકે છે - એવું અમે માનતા નથી. તે ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’ અગાઉ જનસંઘ અને તે પછીથી ભાજપે સત્તા અર્થે કેવા પ્રકારના સમાધાન કર્યા તે આપણે જાણીએ છીએ. કોણ એવું માનશે કે આ પક્ષ અન્ય પક્ષ જેવો છે. ‘RSS’થી સહાનુભૂતિ રાખનારા તટસ્થ લોકો શુદ્ધાં એવું માને છે કે ભાજપ સંઘનું લોકતાંત્રિક હથિયાર છે. અને સૌ કોઈ જોઈ ચૂક્યા છે કે જ્યારે જનસંઘ અને ભાજપ શાસનમાં આવ્યા છે ત્યારે સંઘનો વ્યાપ ઝડપથી થયો છે. જો શાસનમાં રહેવાથી ‘RSS’ જો આટલું નિઃસ્પૃહી હોત તો ભાજપનું સત્તા પ્રત્યે આટલું આકર્ષણ અને સંઘ સત્તાના ઉપયોગ અર્થે આટલું આતુર સંગઠન હોત?’

હવે તેઓ લખે છે કે : ‘જેમ કે લાલકૃષ્ણ અડવાણીએ સંસદમાં આપેલા નિવેદનના મીડિયાએ સૌથી મોટાં સમાચાર બનાવ્યા કે - ભારત ક્યારેય હિન્દુ રાષ્ટ્ર ન બની શકે. અડવાણી ગૃહમંત્રી ને નાયબ વડા પ્રધાનથી પણ વધારે હિન્દુત્વના પહેરેદાર માનવામાં આવતા હતા. એટલે તેમના નિવેદન બાદ શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરે અને વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ કડક ટિપ્પણીઓ કરી હતી. તે પછી લાલકૃષ્ણ અડવાણી તરફથી ખુલાસો થયો કે - તેમનો કહેવાનો અર્થ એ હતો કે ભારત ક્યારેય હિન્દુ રાજ્ય ન થઈ શકે. હિન્દુ રાષ્ટ્ર તો છે જ, કારણ કે તે હિન્દુઓનો દેશ છે. હિન્દુ રાજ્ય એટલે હિન્દુ ધાર્મિક રાજ્ય. અડવાણીએ જે કહ્યું છે તેનો અર્થ એ કે પાકિસ્તાનની જેમ તે ક્યારેય ધાર્મિક રાષ્ટ્ર નહીં બને. ભૂલ મીડિયાની હતી - જેને ન સમજાયું કે રાજ્ય અને રાષ્ટ્રમાં શું અંતર છે. રાજ્ય એક રાજકીય સંસ્થા છે અને રાષ્ટ્ર એક સાંસ્કૃતિક સંસ્થા. હિન્દુત્વ ભારત દેશને સાંસ્કૃતિક અર્થમાં હિન્દુ રાષ્ટ્ર માને છે. અને જે હિન્દુત્વને ભાજપ અને સંઘ પરિવાર પોતાનો મૂળ સિદ્ધાંત માને છે તે વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી અને રામકૃષ્ણ પરમહંસનું હિન્દુત્વ છે. તમને યાદ હશે કે થોડા મહિના અગાઉ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ પણ કહ્યું હતું કે તેમનું હિન્દુત્વ સ્વામી વિવેકાનંદના ખ્યાલનું છે. સરસંઘચાલક સુદર્શન પણ હિન્દુત્વની વાત કરે

**હિન્દુત્વનો ખ્યાલ તો સાવરકરનો જ હતો, તેમનું પુસ્તક ‘હિન્દુત્વ - હિન્દુ કોણ છે?’ હિન્દુત્વનું બીજ રોપનારું પુસ્તક છે**

છે ત્યારે વિવેકાનંદનું જ નામ લે છે. વીર સાવરકરનું નામ તો કોઈ લેતું પણ નથી.’ તે પછી પ્રભાષ જોશી સાવરકરનું કાર્ય દર્શાવે છે અને તેમ છતાં તેમને સંઘ પરિવારે ભૂલાવી દીધા તે વાત પણ રજૂ કરે છે. પ્રભાષ જોશીએ તે સમયે સાવરકરને ભૂલાવી દેવાની વાત લખી તે આજે આશ્ચર્ય લાગે છે.

આગળ તેઓ હિન્દુત્વ શબ્દના મૂળમાં જઈ જે કંઈ લખે છે તેમાં તેમનું અવલોકન છે કે, ‘જેને વિદ્વાન લોકો હિન્દુ રાષ્ટ્રવાદ કહે છે તેના બીજ રોપવામાં દયાનંદ સરસ્વતી અને સ્વામી વિવેકાનંદનું મોટું યોગદાન છે. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી શ્રદ્ધાનંદના વિચારોએ પણ તેમાં ખાતરનું કામ કર્યું છે. પરંતુ હિન્દુત્વનો ખ્યાલ તો સાવરકરનો જ હતો, તેમનું પુસ્તક ‘હિન્દુત્વ - હિન્દુ કોણ છે?’ હિન્દુત્વનું બીજ રોપનારું પુસ્તક છે. દયાનંદ સરસ્વતી, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદના સાહિત્યમાં ક્યાંય હિન્દુત્વ શબ્દ મળશે નહીં. આ તમામ વિચારકોની પ્રથમ ચિંતા હિન્દુ ધર્મની હતી. વીર સાવરકર માટે ધર્મ અગત્યનો નહોતો, ન તો તેઓ ધાર્મિક વ્યક્તિ હતા. પત્નીના અવસાન બાદ પણ તેમણે તે પછીની ઉત્તરક્રિયા કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે પોતાના સાથીઓને કહ્યું હતું કે કોઈ કર્મકાંડ ન કરવામાં આવે.’

હાલમાં ‘RSS’ના સરસંઘચાલક મોહન ભાગવત અમેરિકાના પ્રવાસે છે અને ત્યાંથી તેમનું નિવેદન એમ આવ્યું કે જે હિન્દુ અન્ય ધર્મીઓને બહાર હડસેલી દે તે હિન્દુ નથી. હિન્દુ ધર્મ ઉદાર છે અને સર્વસમાવેશક છે - તેમાં કોઈ પ્રશ્ન નથી, પણ હાલની પરિસ્થિતિમાં આવું નિવેદન આપવું પડે છે. સમય સમયે બદલાતા આવા નિવેદનોનો ઉલ્લેખ અહીં પુસ્તકમાં મળે છે. પ્રભાષ જોશી લખે છે કે, ‘1940થી 1973 સુધી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક રહેનારા માધવ સદાશિવ ગોલવલકરે 1939માં પ્રકાશિત પોતાના પુસ્તકમાં ‘હમ યા હમારી રાષ્ટ્રીયતા કી પરિભાષા’માં કહ્યું છે કે - હિન્દુસ્તાનમાં જે પણ વિદેશી મૂળના લોકો છે તેમણે હિન્દુ સંસ્કૃતિ અને ભાષા સ્વીકારી લેવી જોઈએ. હિન્દુ ધર્મનો આદર અને સન્માન કરવાનું શીખી લેવું જોઈએ. હિન્દુ મૂળ અને સંસ્કૃતિનું ગૌરવ સિવાય કોઈ પણ વિચાર રાખવો ન જોઈએ. કોઈ દાવો ન કરવો જોઈએ. પોતાને કોઈ વિશેષાધિકારના યોગ્ય સમજવા ન જોઈએ. વિશેષ વ્યવહાર મેળવવાની આકાંક્ષાની વાત તો દૂર રહી, નાગરિક અધિકારોની આશા પણ ન રાખવી જોઈએ.’ એ જ પ્રમાણે 1993માં સરસંઘચાલક રહેનારા સુદર્શન પણ મુસલમાનો પાસે હિન્દુ સંસ્કૃતિ કબૂલ કરાવવાનું નિવેદન કર્યું હતું.

પ્રભાષ જોશીના આ પુસ્તકમાં એવું ઘણું છે જે હાલમાં દેખાતાં સાંપ્રદાયિક માહોલમાં વાંચવું જોઈએ. વિશેષ કરીને તેમણે ભાજપ અને ‘RSS’ની હિન્દુત્વના ખ્યાલ પર આખું પુસ્તક લખ્યું છે. હાલની રાજનીતિ સમજવા માટે આ પુસ્તક ઉપયોગી છે. પુસ્તક દળદાર છે - તેની વાત અહીં લંબાવી શકાય, પણ પુસ્તકની અન્ય વિગતો ક્યારેક ફરી મૂકીશું.

# ચોકલેટ પે ચર્ચાઃ ‘લવ યુ’કે ‘ગુડબાય’થી ગાંધીજી સુધી!



**ટાઇટલ્સઃ**
**હાડકાં ભલે ગળી જાય પણ જીભ કદીયે ના ગળે.**
**(છેલવાણી)**

જીવનમાં સરપ્રાઇઝીસ ખતમ જ ન થાય એનું નામ જ જીવન. તમે ગમે તે ઉંમરના, ગમે તે સાઇઝના હો પણ સરપ્રાઇઝ તમને ગમે તે સાઇઝમાં મળી શકે છે. આજ સુધી અમે ‘મધર્સ ડે’, ‘ફાધર્સ ડે’, ‘રોઝ ડે’, ‘વેલેન્ટાઇન્સ ડે’ વગેરે સાંભળેલા, પણ આજે ‘વર્લ્ડ ચોકલેટ ડે’ છે, બોલો! આમને આમ દુનિયામાં ‘વર્લ્ડ હિંગ ડે’ કે ‘વર્લ્ડ રાઇ ડે’ વગેરે શરૂ થાય તોય નવાઈ નહીં. આમ તો ચોકલેટ આપણને સૌને ગમે (ખાસ કરીને બીજાઓએ ફ્રીમાં આપી હોય તો ખાસ), પણ એના માટે વિશ્વમાં આખેઆખો દિવસ ઉજવવામાં આવે એની નવાઈ લાગે છે. વળી ચોકલેટ, બેઝિકલી વિદેશી આઇટમ છે એટલે ‘પ્રખર’ ગુજરાતપ્રેમી તરીકે કહેવાનું મન થાય છે કે આપણે લોકોએ હવે આ બાબતે એક થવાની જરૂર છે. હવે ‘વર્લ્ડ ગાંઠિયા ડે’, ‘વર્લ્ડ પાત્રા ડે’ ઉજવવાનો સમય પાકી ગયો છે. આ માટે યુનોમાં કે જ્યાં પણ થતી હોય ત્યાં અપીલ કરવી જોઈએ.

સરકારી ખાતામાં બોલાય છે. કોણ કહે છે કે દેશે પ્રગતિ નથી કરી? આપણે ‘મિઠાઇ’ પરથી ‘ચોકલેટ’ સુધી પહોંચ્યાં છીએ! વળી ‘ચોકલેટ’નો એક બીજા કોડવર્ડ તરીકે પણ ઉપયોગ થાય છે, ખાસ કરીને ગુજરાતમાં. દારૂબંધીને કારણે ઘણીવાર ગુજરાતમાં ‘દારૂ’ માટે લોકો ફોન પર ‘ચોકલેટની વ્યવસ્થા થઈ ગઈ છે’ જેવી ગુપ્ત ભાષા વાપરીને કામ ચલાવે છે. માન્યું કે ઘણી યુરોપિયન ચોકલેટોમાં ‘વાઇન’ હોય છે, જે ખાવાથી નશો પણ ચઢે છે અને ઘણી ડાર્ક ચોકલેટ્સ અતિશય કડવી પણ હોય છે, પણ કડવી શરાબ માટે ‘ચોકલેટ’ જેવો શબ્દ વાપરવો એ ગુજ્જુ ક્રિએટિવ દિમાગની અલ્ટીમેટ ઉડાન છે!

**ઇન્ટરવલઃ**
**અવગતની એંધાણી, ઓ સંતો**
**ચાતક પીએ એઠું પાણી. (સરોદ)**

ઘણાં પ્રેમીઓ એકમેકના શરીર પર પીગળેલી ચોકલેટ ચોપડીને પ્રેમક્રીડા કરે છે એવું ઘણી વિદેશી ફિલ્મોમાં જોયું છે. માન્યું કે પ્રેમ એ આત્માનો ખોરાક છે, પણ ખરેખર ખોરાકનો પ્રેમ માટે ઉપયોગ કરવો સહેજ અવનવું લાગે છે. આમ તો પહેલી મુલાકાતથી છેલ્લી ગુડબાય સુધી ચોકલેટ એક ચલણી

**માન્યું કે ઘણી યુરોપિયન ચોકલેટોમાં ‘વાઇન’ હોય છે, જે ખાવાથી નશો પણ ચઢે છે અને ઘણી ડાર્ક ચોકલેટ્સ અતિશય કડવી પણ હોય છે, પણ કડવી શરાબ માટે ‘ચોકલેટ’ જેવો શબ્દ વાપરવો એ ગુજ્જુ ક્રિએટિવ દિમાગની અલ્ટીમેટ ઉડાન છે**

ચોકલેટ પરથી મજેદાર કિસ્સો યાદ આવે છે. નાટકોની એક પરિણીત ગુજરાતી અભિનેત્રીનું કોઇ પ્રેમી સાથે અફેર ચાલતું હતું. પતિ, નોકરીએ જાય એટલે પ્રેમી પેલી ગુજ્જુ અભિનેત્રીને મળવા ચૂપચાપ એના ઘરે પહોંચી જાય, પણ આમાં એક પ્રોબ્લેમ એ હતો કે પરિણીત અભિનેત્રીને એક બાળકી પણ હતી! તો એ બાળકી બહુ સવાલ ના કરે, પોતાના બાપ સામે બબાલ ના કરે એટલે પેલો પ્રેમી રોજ એ બેબી માટે એક ‘ચોકલેટ’ લાવે. બાળકી ખુશ અને ચૂપ. ચાહતના રિશ્તામાં ચોકલેટ જેવી નાનકડી રિશ્વત ચાલી જાય. પ્રેમમાં બધું માફ તો ચોકલેટ શું ચીજ છે? મહિના સુધી આમ ચોકલેટના સહારે પરિણીત સ્ત્રી અને પ્રેમની પ્રેમલીલા ચાલી. પછી મહિનાના અંતે કરિયાણાનું આખા મહિનાનું બિલ આવ્યું. પતિને લાગ્યું કે બિલ દર મહિના કરતાં વધારે છે. એણે બિલ જોયું તો ખબર પડી કે ઘઉં, ચોખા સાથે રોજ 50 રૂ.ની ચોકલેટ ખરીદવામાં આવી છે! એટલે કે પેલો પ્રેમી, પતિના જ ખાતામાં પાસેની દુકાનમાંથી ‘ચોકલેટ’ ખરીદતો અને નાની બેબીને આપતો અને પરિણીતાને પ્રેમ કરતો! ‘ચોકલેટ’નો આટલો સ્માર્ટ ઉપયોગ એક ગુજરાતી પ્રેમી જ કરી શકે! આને કહેવાય ‘ઓન અકાઉન્ટ અફેર’, ચોકલેટના સહારે!

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

ચોકલેટ આમ તો પ્રેમ કે પેશનનું પ્રતીક છે અને કહેવાય છે કે ડાર્ક ચોકલેટ ખાવાથી મૂડ સુધરે છે, કામેચ્છા પ્રદીપ્ત થાય છે. ચોકલેટ દ્વારા નવી પ્રેમિકાને પટાવાય છે અને જૂની પ્રેમિકા રૂઠેલી હોય તો મનાવાય છે, પણ ‘ચોકલેટ’ના બીજા ઘણા અર્થો થાય છે. સરકારી ઓફિસરોને અપાતી લાંચ માટે અગાઉ નોર્થ ઇન્ડિયામાં ‘મિઠાઇ કા ડિબ્બા’ જેવો સાંકેતિક શબ્દ વપરાતો. આજે એનું સ્થાન અમુક શહેરોમાં ‘ચોકલેટ’ નામના શબ્દે લીધું છે. ‘ચોકલેટ’ નહીં અપાય તો કામ નહીં થાય એવું

સિક્કા જેમ કામ આવે છે.

અમુક ચોકલેટની જાહેરાતમાં આવે છે કે ‘ચોકલેટ કેન સે બેટર ધેન વર્ડ્ઝ’, અર્થાત્ ચોકલેટ, શબ્દોથી વધારે ભાવના પ્રગટ કરી શકે છે. આવું ખરેખર આપણા ઇતિહાસમાં થયું છે! 1927-28ની આસપાસ હિંદીમાં પાંડે બેચૈન શર્મા ‘ઉગ્ર’ નામના તેજાબી લેખક-પત્રકાર હતા અને ‘આજ’ નામનું અખબાર ચલાવતા. ‘ઉગ્ર’ની વાર્તાઓ ખરેખર ‘ઉગ્ર’ હતી, જે વાચકોને વ્યગ્ર કરી દેતી. આ ઉગ્રએ પુરુષોની વિકૃત માનસિકતા અને બાળકોના યૌન શોષણ જેવા વિષય પર ‘ચોકલેટ’ નામની વિચારોત્તેજક વાર્તા લખી. એ વાર્તાના જલદ વિષયને લીધે ત્યારના જૂનવાણી સમાજમાં ખૂબ ઉહાપોહ થયો. બનારસીદાસ ચતુર્વેદી નામના પત્રકારે તો ‘ચોકલેટ’ વાર્તાને ‘ઘાસલેટી સાહિત્ય’ની ઉપમા આપી. આજની જેમ ત્યારે સમાજમાં ઠેર ઠેર આ વાર્તા પર પ્રતિબંધ લાદવા માટે અવાજો ઉઠ્યા. છેવટે વાત પહોંચી છેક મહાત્મા ગાંધીની કોર્ટમાં. સામાન્ય રીતે કળા-સાહિત્ય બાબતે અરસિક અને પરંપરાવાદી ગણાતા ગાંધીજીએ આવી વિવાદાસ્પદ કૃતિને સ્વીકારી અને સૌને સમાજમાં અપીલ કરી કે કોઇ લેખકની અભિવ્યક્તિને ના રોકવી જોઇએ અને સાથેસાથે ‘ચોકલેટ’ના લેખક ‘ઉગ્ર’ માટે કહ્યું, ‘‘લેખક, અમાનુષી વ્યવહાર પ્રત્યે ઘૃણા પેદા કરવામાં સફળ થયા છે!’’ શું જમાનો હશે કે એક સાધારણ ટૂંકી વાર્તાના પક્ષમાં અવાજ ઉઠાવનાર ગાંધીજી જેવા રાજપુરુષો આ દેશમાં હતા!

એની-વે, ચોકલેટ, ઇમોશનથી ઇતિહાસ સુધી અત્ર તત્ર સર્વત્ર છે તમને અને તમારા ચાહનારાને ‘ચોકલેટ ડે’ મુબારક!

**એન્ડ ટાઇટલ્સઃ**
**આદમઃ તને ચોકલેટ બહુ ભાવે?**
**ઇવઃ નારે, આ તો ડોકટરે કહ્યું એટલે ખાઉં છું!**


# ‘લેડિઝ ફર્સ્ટ’: સ્ત્રી સન્માન કે સ્ત્રી અપમાનની ભાવના?

લેડિઝ ફર્સ્ટ’-આ બે શબ્દો સાંભળતાં જ આપણા મનમાં સ્ત્રી પ્રત્યે સન્માન, સૌજન્ય અને સંસ્કારની ભાવના ઊભી થાય છે. પુરુષ દરવાજો ખોલીને સ્ત્રીને પહેલાં અંદર જવા દે, ભીડમાં તેને આગળ જવા દે કે જોખમની સ્થિતિમાં તેને પ્રાથમિકતા આપે- આ બધું જાણે સ્ત્રીદાક્ષિણ્યનું પ્રતીક છે. પરંતુ શું ખરેખર સ્ત્રીના સન્માનના અર્થમાં ‘લેડિઝ ફર્સ્ટ’ પરિકલ્પનાનો ઉદ્ભવ થયો? કે પછી ક્યારેક તે એવી સામાજિક માનસિકતાનું રૂપ છે જેમાં સ્ત્રીને સુરક્ષિત રાખવાના નામે તેને આગળ ધકેલીને પુરુષ પોતે પાછળ બચી શકે?

‘લેડિઝ ફર્સ્ટ’ની ઉત્પત્તિ વિશે અનેક લોકકથાઓ અને દંતકથાઓ પ્રચલિત છે. ઈટાલિયન સંદર્ભ સાથે જોડાયેલી એક લોકપ્રિય કથા એવી છે કે પ્રેમી-પ્રેમિકા હતા. તેમના પરિવારોને તેમનાં લગ્ન સ્વીકાર્ય નહોતા. લગ્ન નહીં થઈ શકે તેવું લાગતાં, તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. તેઓ એક ઊંચા પર્વત પર ગયાં. છોકરાએ કહ્યું, “કારા (પ્રિયતમે), હું તને મારી દૃષ્ટિ સામે મરતા નહીં જોઈ શકું. આથી પહેલાં હું મરી જઈશ. પછી તું પણ કૂદકો મારી દેજે.” પ્રેમિકાએ હા પાડી અને પ્રેમીએ તો કૂદકો મારી મૃત્યુને વ્હાલું કરી લીધું. પરંતુ પ્રેમીની આત્મહત્યાનું હૃદયદ્રાવક દૃશ્ય જોયા પછી પ્રેમિકાનું મન બદલાઈ ગયું. તે પર્વત પરથી નીચે ઉતરી ગઈ અને કહેવાની આવશ્યકતા નથી કે એણે બીજા પુરુષ સાથે લગ્ન કરી સુખી સંસાર માણ્યો. ત્યારથી ઉદ્ભવી ‘લેડિઝ ફર્સ્ટ’ની કલ્પના.

બીજી દંતકથા એવી છે કે ઈ. સ. ૧૮૫૨માં યુકેનું સૈન્ય જહાજ એચએમએસ બર્કનહેડ સૈન્યને લઈને જતું હતું ત્યારે તે એક ખડક સાથે અથડાયું અને ડૂબવા લાગ્યું. ત્યારે ક્રૂએ મહિલાઓ અને બાળકોને આગળ કરી દીધાં કારણ કે લાઈફબૉટ મર્યાદિત હતી. ઈ. સ. ૧૯૧૨માં ટાઈટેનિક ડૂબ્યા પછી આ લેડિઝ ફર્સ્ટ વણલિખિત નિયમ બની ગયો.

મહાભારતની કથામાં શિખંડીનું ઉદાહરણ આ ચર્ચાને એક અલગ પરિમાણ આપે છે. ભીષ્મ સામે સીધું યુદ્ધ કરવું મુશ્કેલ હતું. શિખંડીને આગળ રાખીને અર્જુને ભીષ્મ પર



બાણ વરસાવ્યાં, કારણ કે ભીષ્મ શિખંડી સામે શસ્ત્ર ઉઠાવવા તૈયાર નહોતા. અહીં ‘સ્ત્રીને આગળ રાખવી’નો અર્થ સન્માન કરતાં વધુ, યુદ્ધની વ્યૂહરચના બની જાય છે. એટલે સ્ત્રીની સામાજિક ઓળખને ક્યારેક તેની શક્તિ તરીકે નહીં, પરંતુ પુરુષના હિત માટે ઉપયોગમાં લઈ શકાય તેવી ઢાલ તરીકે પણ જોવામાં આવી છે.

આ જ પ્રશ્ન આધુનિક રાજકારણમાં પણ જોવા મળે છે. વિવિધ સંઘર્ષોમાં મહિલાઓને આગળ રાખીને પુરુષો કે સંગઠનો પોતાની રાજકીય અથવા વ્યૂહાત્મક સ્થિતિને સુરક્ષિત રાખે છે કે કેમ-આ અંગે પ્રશ્ન પૂછવો જરૂરી છે. મહિલા પાસે આક્ષેપો કરાવીને રાજકારણ રમવું એ આજની રાજનીતિનો મહત્ત્વનો હિસ્સો છે. મહિલા દ્વારા આક્ષેપો થાય ત્યારે પણ ઉત્તર આપવામાં મહિલાને જ આગળ કરવામાં આવે છે.

કેટલાક મુસ્લિમ રાજકીય આંદોલનો અને વિરોધ પ્રદર્શનોમાં મહિલાઓની આગળની ભૂમિકા અંગે પણ આવી ચર્ચા થઈ છે. સમુદાયની મહિલાઓને આગળ રાખવાથી સામેવાળો હુમલો કરવામાં સંકોચ અનુભવે, તો ‘સ્ત્રીની સુરક્ષા’ અને ‘સ્ત્રીનો વ્યૂહાત્મક ઉપયોગ’ વચ્ચેની રેખા ખૂબ જ પાતળી બની જાય છે.

દિલ્હીના શાહીન બાગમાં સીએએ સામે મુસ્લિમ મહિલાઓના ધરણા તેનું જાણીતું ઉદાહરણ બન્યું. મહિલાઓએ પોતે રાજકીય વિરોધનું નેતૃત્વ કર્યું હતું અને તેને માત્ર પુરુષોની ‘ઢાલ’ ગણાવવું પણ તેમના સ્વતંત્ર રાજકીય અસ્તિત્વને ઓછું આંકવા જેવું થશે. પરંતુ સાથે સાથે એ પ્રશ્ન પૂછવો યોગ્ય છે કે શું કોઈ આંદોલનમાં મહિલાઓની હાજરીને એવી રીતે પણ જોવામાં આવે છે કે તેમની સામે કડક કાર્યવાહી કરવી સત્તા માટે મુશ્કેલ બને?

કેમ્બ્રિજ યુનિ.નાં જેન્ડર હિસ્ટૉરિયન ડૉ. લ્યુસી ડીલેપે ટાઈટેનિકની પ્રચલિત કથાના સામાજિક-રાજકીય અર્થ તરફ પણ ધ્યાન દોર્યું છે. ટાઈટેનિકમાં ‘મહિલાઓ પ્રથમ’ની વાતને બ્રિટિશ સમાજમાં પુરુષોના શૌર્ય અને સ્ત્રીઓ પ્રત્યેના રક્ષણાત્મક વલણના ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવી. આ પ્રકારની કથાઓનો એક રાજકીય અર્થ એવો પણ કાઢવામાં આવ્યો કે જો પુરુષો પોતાનો જીવ જોખમમાં મૂકીને સ્ત્રીઓના હિતને પોતાના હિત કરતાં આગળ રાખે છે, તો સ્ત્રીઓને મતાધિકાર જેવી રાજકીય સત્તાની જરૂર શું છે? એટલે સાથે ખૂબ જ છિછરા શિષ્ટાચાર સાથે વર્તવું તે તેમને તુચ્છ અને રાજકીય રીતે નબળી રાખવાનો એક માર્ગ છે.” અમેરિકાની જાણીતી સામાજિક માનસશાસ્ત્રી (સૉશિયલ સાઈકૉલૉજિસ્ટ) સુઝાન ફિસ્કેએ એક સંશોધન પત્રમાં લખ્યું છે કે મહિલાઓ માટે દરવાજા ખોલી દેવા કે તેમને માત્ર તેમના લિંગ (જેન્ડર)ના આધારે પ્રાથમિકતા આપવી એ લૈંગિક અસમાનતા જાળવી રાખવા માટેની એક સૂક્ષ્મ કાર્યપદ્ધતિ જ છે.

અમેરિકાની ધારાશાસ્ત્રી કર્ટની ફ્રેઝર પણ કહે છે કે “લેડિઝ ફર્સ્ટ અને દરવાજા ખોલી

**આપણે ઘણી વાર જોયું છે કે લેડિઝ ફર્સ્ટ એ પુરુષો દ્વારા સ્ત્રીઓ પ્રત્યે એક શિષ્ટાચાર છે, સન્માન છે, પરંતુ આ શિષ્ટાચાર ઉદ્ભવ્યો ક્યાંથી? કેવી રીતે? એની પાછળની દંતકથાઓ જાણવી રસપ્રદ રહેશે**

‘પુરુષો સ્ત્રીઓનું રક્ષણ કરે છે’ એ દલીલ ક્યારેક ‘સ્ત્રીઓને પોતાના અધિકારો માટે સત્તા મેળવવાની જરૂર નથી’ એવી દલીલમાં પરિવર્તિત થઈ શકે છે. લેડિઝ ફર્સ્ટની અવધારણા સ્ત્રીદાક્ષિણ્યની છે કે સ્ત્રીને અબળા બનાવીને રાખવાની તે ખૂબ જ ચર્ચાસ્પદ બાબત છે. જો બધી સ્ત્રીઓને સશક્ત સમજી લેવામાં આવે તો પણ તે અન્યાય છે અને સેનામાં કામ કરતી, કે ટેનિસ, એથ્લેટ, ભાર ઊંચક જેવી રમતો રમતી મજબૂત ખેલાડીઓ, કે શ્રમનું કામ કરતી મહિલાઓને નબળી ગણી લેવામાં આવે તે પણ તેમના માટે અન્યાય છે. ઘણી ફેમિનિસ્ટ મહિલાઓએ ‘લેડિઝ ફર્સ્ટ’ અવધારણાનો વિરોધ કર્યો છે. બહુ શરૂઆતની ફેમિનિસ્ટ ગણાતી મેરી વૉલ્સટનક્રાફ્ટે લખ્યું છે કે “મહિલાઓ

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

આપવા જેવા શિષ્ટાચાર એ દયા ખાવાનું કામ છે. સામાજિક રીતે ભલે તે શિષ્ટાચાર ગણાઈને તેની પ્રશંસા થતી હોય, આ કાર્યો ખરેખર તો એક વિચારધારાનાં સાધનો છે, જેના વડે અર્ધચેતનાની રીતે સ્ત્રીને તેમના અસ્તિત્વથી દૂર કરાય છે. તે સ્ત્રીને પુરુષ દ્વારા રક્ષિત તરીકે જોવાનું સમાજને શીખવાડે છે, તેમાં એક નુકસાનકારક લૈંગિક જોડી છે જેમાં પુરુષ કાર્ય કરે છે અને સ્ત્રીઓ પર કાર્ય કરવામાં આવે છે.”

અભિનેતા શાહરુખ ખાને ‘ચેન્નાઈ ઍક્સ્પ્રેસ’માં હિરોઈન દીપિકા પદુકોણનું નામ પોતાનાથી પહેલાં રાખ્યું હતું પરંતુ તે પછીની ફિલ્મોમાં ‘લેડિઝ ફર્સ્ટ’ ભૂલાઈ ગયું. એટલે ક્યાંક ‘લેડિઝ ફર્સ્ટ’એ માત્ર પ્રચાર કે દંભનો કીમિયો બની રહે છે.